maahi™
MAAHI MILK PRODUCER COMPANY

Maahi

# માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડ

(કંપનીઝ એક્ટ,૧૯૫૬ના પાર્ટ-IXA હેઠળ "પ્રોડયુસર કંપની" તરીકે નોંધાયેલ)

**CIN:U01403GJ2012PTC070646**

રજી.ઓફિસ: ૩જો ૪ થો માળ,સાકાર બિલ્ડીંગ,રાજકુમાર કોલેજ સામે,
ડૉ.રાધાકૃષ્ણન માર્ગ,રાજકોટ,પિન – ૩૬૦૦૦૧,ગુજરાત
ટેલી.૦૨૮૧-૨૪૬૦૭૩૨, ફેકસ : ૦૨૮૧-૨૪૬૦૭૩૪
ઇમેઇલ : info@maahimilk.com વેબ-સાઇટ: www.maahimilk.com

નં.: માહી/સીએસ/AGM/૨૦૨૫-૨૬/૧

## નોમિનેશન આવકારતી નોટિસ

આથી કંપનીની આગામી ૧૪મી વાર્ષિક સાધારણ સભા ખાતે માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડના બોર્ડ પર ડિરેક્ટર્સની (રોટેશનથી નિવૃતિ થતા) ખાલી થતી નીચે દર્શાવેલ જગ્યાઓ ભરવા માટે "નોમિનેટિંગ સમિતિ" દ્વારા વિચારણા માટે માહી મિલ્ક પ્રોડયુસર કંપની લિમિટેડ ("કંપની") ના યોગ્યતા પાત્ર સભ્યો પાસેથી નોમિનેશન(નો) આવકારતી નીચે મુજબ નોટિસ આપવામાં આવે છે.

| સભ્ય શ્રેણી | હોદ્દાઓની સંખ્યા |
|---|---|
| B - બ | ૨ |
| C - ક | ૧ |

યોગ્યતાપાત્ર સભ્યો, કે જેઓ અરજી કરવામાં રસ ધરાવે છે તેઓએ નોમિનેશન ફોર્મ યોગ્ય રીતે સહી કરી સંપૂર્ણ વિગતો ભરી નોમિનેશન પત્રક કંપનીના કંપની સેક્રેટરીને તા. ૨૬.૦૬.૨૦૨૫ સાંજે ૬:૦૦ કલાક સુધી કે તે પહેલા જરૂરી બિડાણો સાથે રજૂ કરવાનું રહેશે.

MAAHI MILK PRODUCER COMPANY * RAJKOT *
માહી મિલ્ક પ્રોડ્યુસર

અરજી કરનાર સભ્યએ નીચે મુજબના માપદંડોની પૂર્તિ કરેલ હોવી જોઇશે.

૧. સભ્યશ્રીની શૈક્ષણિક લાયકાત પુરુષ ઉમેદવાર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૨ પાસ કે તેની સમકક્ષ અને સ્ત્રી ઉમેદવાર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૦ પાસ.

૨. સભ્યએ ઓછામાં ઓછા બે સંપૂર્ણ નાણાંકીય વર્ષ માટે પોતાનુ સભ્યપદ જાળવી રાખેલ હોય તેમજ પોતાનો હાલનો વર્ગ સતત બે સંપૂર્ણ નાણાંકીય વર્ષથી જાળવી રાખેલ હોવો જોઈએ.

૩. સભ્ય દ્વારા રજૂ કરવામાં આવેલ અરજી પોતાના વર્ગના જ ઓછામાં ઓછી ૧૦ એમ.પી.પી માંથી ૨૫ પાત્ર સભ્યો (જેઓ વાર્ષિક સાધારણ સભામાં મત આપવા માટે પાત્રતા ધરાવે છે.) દ્વારા પ્રસ્તાવિત કરેલ હોવી જોઇશે.

૪. તે/ તેણી નૈતિક અધોગતિ કે અન્ય કોઇ ગુનામાં અદાલત દ્વારા કસૂરવાર ઠરેલ ન હોવી જોઈએ કે જેના સંદર્ભમાં છ માસથી ઓછી નહિ તેટલા સમય માટે કેદની સજા થયેલ હોય.

૫. તે/તેણી કોઈ રાજદ્વારી સભા જેવી કે લોકસભા, રાજ્યસભા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતનો સભ્ય ન હોવો જોઈએ.

૬. તે/તેણી કોઈ રાજકીય પક્ષની કોઈપણ કક્ષાએ- ગ્રામ, તાલુકા, જીલ્લા, રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ ઓફીસમાં કોઇપણ પ્રકારનો હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ.

નોમિનેશન પત્રક કંપનીની વેબસાઈટના મેમ્બર પોર્ટલ પરથી ૧૩.૦૬.૨૦૨૫ થી ૨૨.૦૬.૨૦૨૫ સુધી ડાઉનલોડ કરી શકાશે (member.maahimilk.com) અથવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસમાંથી રૂબરૂ આવી મેળવી શકાશે. નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૨૪.૦૬.૨૦૨૫ રહેશે. વધુ સ્પષ્ટતા માટે, કૃપયા કંપનીના કંપની સેક્રેટરીનો સંપર્ક કરવો.

માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડના
બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમ દ્વારા

MAAHI MILK PRODUCER COMPANY LIMITED RAJKOT

ચીફ એકઝીક્યુટીવ

સ્થળ: રાજકોટ
તારીખ : ૧૨.૦૬.૨૦૨૫